Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૨૧/ ૪૩૩૬ — તા.૧૯/૦૩/૨૦૨૧

પરિપત્ર-૨૩૬૬

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/ભવનોના આચાર્યશ્રીઓ/પી.જી ઇન્ચાર્જશ્રીઓ તથા કૉ-ઓર્ડીનેટરશ્રીઓને શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના તા.૧૯/૦૩/૨૦૨૧ના પત્ર અન્વયે જણાવવાનું કે તમામ સરકારી/બિન સરકારી અનુદાનિત/ખાનગી કોલેજો માટે ઉપરોક્ત પત્રમાં જણાવેલ માર્ગદર્શક સૂચનાઓ જણાવવામાં આવેલ છે. જે અંગે વિદિત થઇ કાર્યવાહી કરશો.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ- ઉપર મુજબ.

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/ભવનોના આચાર્યશ્રીઓ/પી.જી ઇન્ચાર્જશ્રીઓ તથા કૉ-ઓર્ડીનેટરશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા અર્થે.

કોરોના (Covid-19)ની વૈશ્વિક મહામારીને
કારણે ઉદભવેલ પરિસ્થિતિ અંતર્ગત
પોસ્ટલોકડાઉનમાં યુનિવર્સિટીઓ/કોલેજો
રી-ઓપન કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક: કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧
સચિવાલય, ગાંધીનગર
તા:૧૯/૦૩/૨૦૨૧

વંચાણે લીધા
(૧) શિક્ષણ વિભાગનો તા.૦૭/૦૧/૨૦૨૧નો સમાનાંકી ઠરાવ.
(૨) શિક્ષણ વિભાગનો તા.૦૪/૦૨/૨૦૨૧નો સમાનાંકી ઠરાવ

પરિપત્ર :-

નોવેલ કોરોના વાઇરસના સંકમણને લીધે રાજ્યમાં ઉદભવેલ પરિસ્થિતિમાં શિક્ષણ વિભાગ હેઠળની સર્વે યુનિવર્સિટીઓ/કોલેજો માટે વંચાણે લીધેલ ઠરાવોથી માર્ગદર્શક સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવી છે. પરંતુ હાલમાં કોરોના સંકમણને લીધે ઉદભવેલ પરિસ્થિતિમાં તમામ સરકારી/બિન સરકારી અનુદાનીત/ખાનગી કોલેજો તથા સરકારી/ખાનગી યુનિવર્સિટીઓ માટે નીચે મુજબ માર્ગદર્શક સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

- તા:૧૯/૦૩/૨૦૨૧ થી ૧૦/૦૪/૨૦૨૧ સુધી મેડિકલ/પેરા મેડિકલ સિવાયના નિર્ધારિત સ્નાતક કક્ષાના ઑફ લાઇન પરીક્ષાનો કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવે છે. રાજ્યની યુનિવર્સિટીઓ દ્વારા તે માટે નવેસરથી સમયપત્રક જાહેર કરવામાં આવશે.
- તમામ ઓફલાઈન/ફિઝિકલ રીતે શિક્ષણ તા.૧૦/૦૪/૨૦૨૧ સુધી મોકૂફ રહેશે અને તે દરમિયાન તમામ શિક્ષણ ઓનલાઈન આપવામાં આવશે.
- યુનિવર્સિટીઓની હોસ્ટેલો ચાલુ રહેશે અને વિદ્યાર્થીઓએ તેમના હોસ્ટેલ-રૂમમાં રહીને શિક્ષણ મેળવવાનું રહેશે.
- પી.જી. પરીક્ષાઓ/ઓફલાઈન ક્લાસિસ તથા પી.જી.ના તમામ પ્રેક્ટીકલ ચાલુ રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(મનોજ વાઘ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર મારફત)
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(P.T.O.)